સંદેશ, પાના નં. ૦૨, તા. ૧૯-૧૨-૨૦૨૪

# મેટ્રો ટ્રેનની ટિકિટ હવે મોબાઈલ એપથી ઘેરબેઠા ખરીદી શકાશે

## ટિકિટની લાઈનો, મેટ્રો કાર્ડની જાળવણીમાંથી મુક્તિ મળશે

અમદાવાદ : ગુજરાતની પ્રથમ અમદાવાદની મેટ્રો ટ્રેનમાં હવે મુસાફરો પોતાના મોબાઈલના માધ્યમથી ટિકિટ બુક કરાવી શકશે. આ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મોબાઈલ ટિકિટિંગ એપ્લિકેશન Ahmedabad (official) બુધવારે લોંન્ચ કરાઈ હતી.

મુસાફરો ટિકિટ માટેની ચુકવણી ડેબિટ-ક્રેડિટ તેમજ યુપીઆઈ મારફતે કરી શકશે. તા. ૨૩ ડિસેમ્બરથી તે ios પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ થશે. અધિકારીના જણાવ્યા મુજબ હવે ડિજિટલ પ્લેટફોર્મથી ટિકિટ ઘેરબેઠા ખરીદ શકાશે. ટ્રેનોનો રૂટ , સમય જોઈ શકાશે. ટિકિટ ખરીદવા માટે હવે ટિકિટ કાઉન્ટરોની લાંબી લાઈનમાં ઉભા રહેવું નહીં પડે, સ્ટેશને એન્ટ્રી-એક્ઝિટની પ્રક્રિયા સરળ અને ઝડપી બની રહેશે. મેટ્રોના રોજના સવા લાખ મુસાફરો તેનો લાભ લઈ શકશે. વન નેશન વન કાર્ડ કે ટિકિટ કાઉન્ટરોની હાલાકીથી છૂટકારો મળશે.